શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૨૧
અંક : ૧૦

## દિવાળીના મુખ્ય પાંચ તહેવારોનું મહત્વ :




**ધનતેરસ :** કારતક માસની વદ તેરસ એટલે ધનતેરસ. આ દિવસે નવું ધન, ખાસતો સોનું–ચાંદી ખરીદવું તે શુકન ગણાય છે. લોકો આ દિવસે ધનની પૂજા કરે છે. લંકાના રાજા રાવણે પણ કુબેરની સાધના બાદ સુવર્ણ લંકા પ્રાપ્ત કરી હતી તેવો શાસ્ત્રોમાં ઉલ્લેખ છે.




**કાળી ચૌદશ :** આ દીવસે ભગવાન કૃષ્ણએ નરકાસુર અસુરનો વધ કરી પ્રજાજનોને તેના ત્રાસમાંથી ઉગાર્યા જેથી કરીને તેનું નામ નરક ચતુર્દશી પડેલું પણ છે. આ દીવસે તળેલી વસ્તુઓ બનાવીને ખાવામાં આવે છે. એમ કહે છે કે જેટલું તેલ બળે તેટલો કકળાટ ટળે.




**દિવાળી :** દિવાળી એટલે વર્ષનો છેલ્લો દિવસ. શ્રીરામ રાવણ વધ કરી આ દિવસે અયોધ્યા પહોચ્યાં હતા.અંધારી અમાસને પ્રકાશના દીવડાથી શણગારીને દિવાળી મનાવવાની પરંપરા ત્યારથી ચાલી આવે છે. બાળકો ફટાકડા ફોડીને આ ઉત્સવ મનાવે છે.




**નૂતન વર્ષ :** બહુરંગી તહેવારોની વણજારની પરાકાષ્ટા એટલે દિવાળી અને ત્યારબાદનું સુપ્રભાતમ એટલે નૂતનવર્ષ. નવા દિવસો, નવી આશાઓ, નવા સપના, નવા વિચારો બધુ જ નવું અને તાજગી સભર લઈને આવે નવું વર્ષ.




**ભાઈબીજ :** ભાઈબીજના દીવસે ભાઈ બહેનના ઘરે ભોજન માટે જાય છે અને આ દિવસે યમરાજા યમુનાને ત્યાં ભોજન માટે ગયા હતા. ત્યારથી આ પર્વ મનાવવામાં આવે છે.

**સાચો માણસ ક્રોધી હોઈ શકે પણ કપટી ક્યારેય નહિ.**

**શ્રેષ્ઠ કામગીરી અને આર્થિક વૃદ્ધિ**

વર્ષ ૨030 સુધીમાં સાતત્યપૂર્ણ સમ્મિલિત અને સાતત્યપૂર્ણ આર્થિક વૃદ્ધિ, સંપૂર્ણ અને ઉત્પાદકીય રોજગાર તથા તમામ માટે સુંદર કામને પ્રોત્સાહિત કરવું.

૮.૧ અલ્પવિકસિત રાષ્ટ્રોમાં ઓછામાં ઓછી ૭% કુલ ઘરેલુ ઉત્પાદન વૃદ્ધિની સાથે અને ખાસ કરીને રાષ્ટ્રીય સંજોગોને ધ્યાનમાં રાખીને માથાદીઠ આર્થિક વૃદ્ધિને જાળવવી.

૮.૨ ઉચ્ચ મૂલ્યવર્ધિત અને શ્રમ સંવેદનશીલ ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવા સહિત વૈવિધ્યકરણ, ટેકનોલોજીકલ સુધારણા અને નવતર પ્રયોગો દ્વારા આર્થિક ઉત્પાદકીયતાના ઉચ્ચ સ્તરો હાંસલ કરવા.

૮.૩ ઉત્પાદકીય પ્રવૃતિઓ, ઉમદા રોજગાર, ઉદ્યોગ સાહસિકતા અને નવતર સંશોધનને સહાયભૂત થતી હોય તેવી વિકાસલક્ષી નીતીઓને પ્રોત્સાહન કરવી અને નાણાકીય સેવાઓ સુધી પહોંચના પગલાં સહિત સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગ સાહસોની રચના અને વૃદ્ધિને પ્રોત્સાહિત કરવી.

૮.૪ વપરાશ અને ઉત્પાદનમાં વૈશ્વિક સંસાધન કુશળતામાં ઉતરોતર સુધારો કરવો અને ૧૦ વર્ષીય ફ્રેમવર્ક ઓફ પ્રોગ્રામ્સ ઓન સસ્ટેઈનેબલ કન્ઝમ્પશન એન્ડ પ્રોડકશનના અનુસરણમાં રહીને પર્યાવરણને હાનિ ન પહોંચે તે રીતે આર્થિક વૃદ્ધિ કરવી જેમાં વિકાસશીલ દેશો આગેવાની લેશે.

૮.૫ યુવાનો અને વિકલાંગો સહિત તમામ સ્ત્રીઓ અને પુરૂષો માટે સુયોગ્ય કામ અને સંપૂર્ણ તથા ઉત્પાદકીય રોજગાર અને સમાન મૂલ્યના કામ માટે સમાન વેતન હાંસલ કરવું.

૮.૬ રોજગાર, શિક્ષણ અથવા તાલીમ ધરાવતા ન હોય તેવા યુવાઓનું પ્રમાણ નોંધપાત્ર સ્તરે ઘટાડવું.

૮.૭ બળજબરીથી મજૂરી, આધુનિક ગુલામીપણા અને માનવ તસ્કરીને નાબૂદ કરવા તથા બાળ સૈનિકોની ભરતી તથા ઉપયોગ સહિત સૌથી ખરાબ પ્રકારની બાળમજૂરીનો અંત આણવાનું સુનિશ્ચિત કરવા તાત્કાલિક અને અસરકારક પગલાં ભરવા અને વર્ષ ૨૦૨૫ સુધીમાં તમામ પ્રકારની બાળમજૂરીનો અંત લાવવો.

૮.૮ સ્થળાંતરીત કામદારો, ખાસ કરીને મહિલાઓ અને અસુરક્ષિત રોજગારમાં રહેલાઓ સહિતના તમામ કામદારો માટે સુરક્ષિત અને સલામત કાર્ય વાતાવરણને પ્રોત્સાહિત કરવું અને શ્રમિકોના અધિકારોનું રક્ષણ કરવું.

૮.૯ નોકરીની તકોનું સર્જન કરે તેમજ સ્થાનિક સંસ્કૃતિ અને ઉત્પાદનોને પ્રોત્સાહન આપે તેવા સાતત્યપૂર્ણ પર્યટનને પ્રોત્સાહિત કરવા નીતિઓ ઘડવી અને તેનો અમલ કરવો.

**સંદર્ભ :** સાતત્યપૂર્ણ વિકાસના ધ્યેયો

**ખીલવું હોય તો પહેલા જમીનમાં દટાતા શીખવું પડે.**

## રૂ ની ગુણવતા જાળવવા માટેની કાળજી

(૧) કપાસની વીણી સંપૂર્ણ ખુલી ગયેલા જીંડવામાંથી જ કરવી જોઈએ. (૨) કપાસની વીણી વહેલી સવારે અથવા સાંજના સમયે કરવી બપોરના સમયે વીણી કરવાથી કપાસના પાંદડાનો ભૂકો કપાસમાં ભળે છે જેથી કપાસની ગુણવતા ઉપર માઠી અસર પડે છે. (૩) છેલ્લી વીણીના કપાસને અન્ય વીણીના કપાસ કરતા અલગ રાખવો જોઈએ. છેલ્લી વીણીનો કપાસ હલકી કક્ષાનો હોય છે. (૪) કપાસમાં કયારેય પાણીની ભેળસેળ કરવી નહિ. (૫) કપાસમાં વાળ ન ભળે તેની કાળજી લેવી આ માટે માથે ટોપી અથવા રૂમાલ બાંધવો હિતાવહ છે. (૬) ઘરની અંદર કપાસ રાખવાની જગ્યાએ કાપડ, કાગળ કે કંતાન પાથરી અને તેમાં કપાસનો ઢગલો કરવો જોઈએ. (૭) કપાસને કયારેય ખુલ્લી જમીનમાં ઢગલો કરવો જોઈએ નહી કારણ કે તેમાં વધારાનો કચરો ભળવાથી ગુણવતા ઘટશે. (૮) વીણી બાદ કપાસને છાંયામાં સૂકાવા દેવો જોઈએ કપાસને વધુ પડતા સૂર્યતાપમાં રાખવાથી તેમાં પીળાશ પડવાનુ પ્રમાણ વધવાથી ગુણવતા ઘટશે. (૯) વીણી છોડના નીચેના ભાગથી શરૂ કરી ઉપરના ભાગે પુરી કરવી. (૧૦) રાસાયણિક ખાતરની થેલીઓનો ઉપયોગ યોગ્ય સિલાઈ કર્યા બાદ જ કરવો જેથી કપાસમાં થેલીના દોરા ઓછા ભળે શકય હોય તો વીણી માટે કપાસના કાપડમાંથી બનાવેલી થેલીઓનો ઉપયોગ કરવો. (૧૧) વીણી માટે પીળા કલરના પ્લાસ્ટીકના કોથળાનો ઉપયોગ કરવો જોઈએ.

સંદર્ભકર્તા : રમેશ ચૌહાણ



**પરિશ્રમથી સફળતા મળે છે, માત્ર વિચારોથી નહિ.**

## ઘઉંના વાવેતર માટે ધ્યાનમાં રાખવાની બાબતો

### ૧. પિયત ઘઉંની કઈ જાત પસંદ કરવી :

અ. **ઘઉંના વહેલા વાવેતર માટે :** જી.જે.ડબલ્યુ. ૪૬૩, લોક ૧, જી.ડબલ્યુ. ૧૯૦

બ. **ઘઉંના સમયસર વાવેતર માટે :** જી.ડબલ્યુ. ૩૬૬, જી.ડબલ્યુ. ૪૯૬, જી. ડબલ્યુ. ૩૨૨,
જી. ડબલ્યુ. ૨૭૩ તથા લોક ૧ અને કાંઠીયા ઘઉંની જી. ડબલ્યુ. ૧૧૩૯, જી. ડબલ્યુ. ૧૨૫૫
તથા એચઆઈ ૮૪૯૮

ક. **મોડા વાવેતર માટે :** જી. ડબલ્યુ. ૧૭૩, જી. ડબલ્યુ. ૧૧, લોક ૧ તથા એચ.ડી. ૨૯૩૨

### ૨. બિન પિયત ઘઉંના વાવેતર માટેની ભલામણ : જી. ડબલ્યુ. ૧ અને જી. ડબલ્યુ. ૨

## ઘઉંના વાવેતર માટેનો યોગ્ય સમય

૧. વહેલું વાવેતર – નવેમ્બર માસનું પ્રથમ પખવાડીયું

૨. સમયસરનું વાવેતર – ૧૫ નવેમ્બર થી ૨૫ નવેમ્બર

૩. મોડું વાવેતર – ૨૫ નવેમ્બર થી ૧૦ ડીસેમ્બર

## બીયારણ નો દર

પીયત ઘઉં માટે – ૧૨૦ કી.ગ્રા/પ્રતી હેકટર/બીન પીયત ઘઉં માટે– ૬૦ કી.ગ્રા/પ્રતી હેકટર



**દાનમાં કરેલું રોકાણ ક્યારેય નિષ્ફળ નથી જતું.**

## ઘઉંના પાકમાં રાસાયણિક ખાતર કયારે અને કેટલું આપવું :

**પાયાને ખાતર :** ૧૨૦–૬૦–૬૦ કિ.ગ્રા. આપવું તે પૈકી વાવેતરના સમયે એટલે કે પાયાના ખાતર તરીકે નાઈટ્રોજનનો ૧/૪ જથ્થો અને ફોસ્ફરસનો પુરેપુરો જથ્થો મળી રહે તે માટે હેકટરે૧૩૦ કિ.ગ્રા. ડીએપી અને ૧૫ કિ.ગ્રા. યુરીયા તથા ૧૦૦ કિ.ગ્રા. મ્યુરેટ ઓફ પોટાશ આપવું.

**પૂર્તિ ખાતર :**

યુરીયા ખાતર ૧૩૦ કીલોગ્રામ વાવેતર બાદ ૨૦ થી ૨૫ દીવસે તન્તુ મૂળ અવસ્થાએ પિયત આપ્યા બાદ આપવો અને ત્યાર બાદ ૬૫ કીલો ગ્રામ ૩૫ થી ૪૦ દીવસે મુળ ફુટ અવસ્થાએ આપવુ

## ઘઉંના પાકમાં નિંદામણ નિયંત્રણ માટેના ઉપાયો :

ઘઉંના પાકમાં હાથથી નિંદામણ નિયંત્રણ કરવું હિતાવહ છે. આમ છતાં, મજુરોની અછત હોય તો ઘઉંની વાવણી બાદ બીજના સ્ફુરણ પહેલા (પ્રિ–ઈમરજન્સ છંટકાવ) પેન્ડીમિથાલીન દવા ૧૦ લીટર પાણીમાં ૫૫ મીલી પ્રમાણે ઓગાળી છંટકાવ કરવો. ઉભા પાકમાં પહોળા પાનવાળા નિંદામણનું પ્રમાણ વધારે હોય તો વાવેતર બાદ ૩૦ થી ૩૫ દિવસે ૨૪ ગ્રામ નિંદામણ નાશક દવા ૨, ૪–ડી (સોડીયમ સોલ્ટ) ૮૯ વે.પા. અથવા ૦.૪ ગ્રામ મેટસલ્ફયુરાન (આલ્ગ્રીપ) પ્રતિ ૧૦ લીટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો.

સંદર્ભ : નરેન્દ્ર પોંકિયા



**જેનું દુઃખમાં મુખ હસતું એના માટે સુખ સસ્તું.**

## ચણાની વૈજ્ઞાનિક ખેતી

ચણાની જાતો ભારતમાં ચણાના મુખ્ય બે પ્રકારો છે. કાબુલી અને દેશી. કાબુલી જાતો સફેદ રંગના મોટા દાણાવાળી હોય છે. જેને લાંબા શિયાળા અને તીવ્ર ઠંડીની જરૂર પડતી હોવાથી ગુજરાતમાં તેનું વધારે ઉત્પાદન મળતું નથી. ઉત્તર ભારતના ચણા પકવતા રાજયોમાં તે વધુ અનુકૂળ આવે છે. આપણા રાજયમાં ટૂંકો અને હળવો શિયાળો હોવાથી દેશી ચણાની જાતો અનુકૂળ રહે છે.

ચણાની જાતો

### ગુજરાત ચણા – ૧

આ જાત પિયત તેમજ બિનપિયત બન્ને વિસ્તારો માટે છે. આમ છતા આ જાત પિયત હેઠળ વધુ અનુકુળ આવે છે. માટે પિયત ચણા ઉગાડતા ખેડુતોએ આ જાતની પસંદગી કરવી જોઈએ. આ જાત ૧૦૫ થી ૧૧૦ દિવસે પાકી જાય છે. જુની પિયત જાતો દાહોદ પીળા અને આઈ.સી.સી.સી. ૪ કરતાં તેનો ઉતારો ૨૫ ટકા વધારે આવે છે. પિયતમાં તેનો ઉતારો ૨૦૦૦ થી ૨૨૦૦ કિલો પ્રતિ હેકટરે મળે છે. જયારે બિન પિયતમાં હેકટરે ૧૦૦૦ થી ૧૨૦૦ કિલો ઉતારો હેકટરે મળે છે.

### ગુજરાત ચણા – ૨

ગુજરાત ચણા– ૨ બિનપિયત જાત હોવાથી ભાલ અને ઘેડ માટે અનુકૂળ છે. નેવુથી પંચાણુ દિવસોમાં પાકતી આ જાતનો દાણો ચાફા ચણા કરતા અઢીની ત્રણ ગણો મોટો હોવાથી બજાર ભાવ ઉંચો મળે છે. આ જાત જીંજરા અને દાળીયા માટે પણ ખૂબજ અનુકુળ છે. આ જાતનો ઉતારો બિન પિયતમાં હેકટરે ૧૦૦૦ થી ૧૨૦૦ કિલો આવે છે. આ જાત ભાલમાં ખૂબજ લોકપ્રિય થયેલ છે. ભાલ અને ઘેડ ઉપરાંત ગોધરા, દાહોદ, ભરૂચ, નવસારી, ખેડા, વડોદરામાં તેનું વાવેતર શરૂ થયું છે. વિશેષમાં જણાવવાનું કે પડોશી રાજયો જેવાકે મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશનાં ઘણા ખેડુતો આ જાત વાવે છે.

### ગુજરાત ચણા – ૩

ગુજરાત ચણા ૩ આ જાત પિયત તથા બિનપિયત વિસ્તારો માટે ભલામણ કરવામાં આવે છે. તે ગુજરાત ચણા–૧ કરતા ૧૦ ટકા તથા ગુજરાત ચણા–૨ કરતા ૧૩ ટકા વધુ ઉત્પાદન આપે છે. આ જાત ઉત્પાદન ૧૫૦૦ થી ૧૬૦૦ કિ. ગ્રા. પ્રતિ હેકટરે આપે છે. આ જાત આકર્ષક દાણાનો રંગ (પીળો), મોટા કદના દાણા (૨૨.૭૭ ગ્રામ/ ૧૦૦ બીજ), વહેલી પાકતી જાત (૯૮ દિવસ), સુકારા અને સ્ટન્ટ વાઈરસ સામે મધ્યમ પ્રતિકારક શકિત ધરાવતી તથા દાણાની ઉતમ ગુણવત્તા ધરાવતી જાત છે. જેથી ઉપભોકતા તેને વધુ પસંદ કરે છે અને તેના બજારભાવ પણ વધુ મળે છે. આ જાતની એક અન્ય વિશેષતા એ છે કે તેને પિયત હેઠળ પણ વાવી શકાય છે. રવી ઋતુમાં ઘણા ખેડુત ભાઈઓએ તેને પિયત

**ના તમે કે ના હું ફકત સમય બળવાન છે.**

હેઠળ વાવી હેક્ટરે ૨૦૦૦ કિલો જેટલુ ઉત્પાદન મેળવેલ હતું.

### જમીનની તૈયારી

સારી ભેજસંગ્રહ શકિત ધરાવતી, કાળી અથવા મધ્યમ કાળી કાંપવાળી જમીનમાં ચણા ખૂબજ સારા થાય છે. આમ છતાં ગોરાડુ અને રેતાળ જમીનમાં પણ આ પાક વાવી શકાય છે. જયાં ખારા ભૂગર્ભજળનું સ્તર બહુ ઊંચું ન હોય અને જમીન ખારી ન હોય ત્યાં ચણા થાય છે.

### વાવણીનો સમય

નવેમ્બરનાં પ્રથમ પખવાડીયા દરમ્યાન પિયત ચણાની જાતોનું વાવેતર કરવું. બિનપિયત ચણાની જાતોનું વાવેતર ઓકટોબરના છેલ્લા અઠવાડીયાથી કરી શકાય.

### બીજનો દર અને અંતર

બે ચાસ વચ્ચે ૩૦ થી ૪૫ સે.મી.ના અંતર મુજબ હેકટરે ૬૦ કિલો પ્રમાણે ચણા વાવવા. જો મોટા દાણાવાળી ગુજરાત–૨ અને ગુજરાત–૩ જેવી જાતો વાવવી હોય તો હેકટરે ૭૫ થી ૮૦ કિલોનું પ્રમાણ રાખવું. જરૂર કરતાં વધારે અંતરે વાવવાથી છોડની વાનસ્પતિક વૃધ્ધિ થાય છે અને છોડ મોટા અને ઊંચા વધી જાય છે.

### બીજ માવજત

વાવણી પહેલા ફૂગનાશક દવા ૩ ગ્રામ પ્રતી કી.ગ્રા પ્રમાણે ફૂગનાશક દવા કાર્બેન્ડાઝીમ ૧ ગ્રામ અને થાયરમ ૨ ગ્રામ અથવા ટ્રાયકોડર્મા વીરીડી ૪ ગ્રામ અને વાયટાવેક્ષ ૧ ગ્રામ પ્રમાણે બિયારણને દવાનો પટ આપવો. આ દવાથી સુકારા જેવા બીજજન્ય અને જમીનજન્ય રોગો સામે રક્ષણ મળે છે.

### રાસાયણિક ખાતર

હેકટરે ૨૦ કિલો નાઈટ્રોજન, ૪૦ કિલો ફોસ્ફરસ અને ૨૦ કિલો ગંધક વાવણી પહેલાં ચાસમાં આપવો. ચણાના મૂળમાં રાઈઝોબિયમ જીવાણુંની પ્રવૃતિ ૨૧ દિવસોમાં શરૂ થાય છે, તેથી છોડ પોતેજ હવાનો નાઈટ્રોજન વાપરવાની શકિત મેળવી લે છે. જેથી ચણાના પાકમાં કોઈપણ પ્રકારના પુર્તી ખાતરની જરૂર નથી. તેમ છતાં ખાતર આપવામાં આવે તો ઘણી વખત ચણામાં પાન અને ડાળીઓની વધુ પડતી વૃદ્ધિ થાય છે. જેને કારણે ઉત્પાદન ઘટે છે.

### સંકલિત જીવાત નિયંત્રણ

દક્ષિણ સૌરાષ્ટ્રના ખેત આબોહવાકીય વિસ્તારના ખેડુતોને ચણાના પાકમાં લીલી ઈયળના અસરકારક નિયંત્રણ માટે પ્રોફેનોફોસ ૭૫૦ ગ્રામ સક્રિય તત્વ (૧.૫ લિ./હે.) નાં ત્રણ છંટકાવ અથવા વારાફરતી લીંબોળીના મીંજના પાવડરનો ૫ ટકા અર્ક, બીટી ૧.૦૦૦ કિ.ગ્રા./હે. અને પ્રોફેનોફોસ ૭૫૦ ગ્રામ સક્રિય તત્વ (૧.૫ લિ./હે.) ના છંટકાવ પાકમાં ૫૦ ટકા ફુલ અવસ્થાએ શરૂ કરી ૧૦ દિવસના અંતરે છાંટવાની ભલામણ કરવામાં આવે છે.

**સંદર્ભ : નરેન્દ્ર કે. પોંકિયા**

**પરિશ્રમથી સફળતા મળે છે, માત્ર વિચારોથી નહિ.**

## Happy Birthday

Pruthvi Chauhan 16.11.1998
Dhirajlal Vagadia 18.11.1961
Devabhai Chudasama 24.11.1993

## In this month

3-22 Field exposer for public policy student in rural area.
10 FPO named Kathiyavad and Bhogavo's director and staff, visited to SSKK for easily operation and functioning framers producer organisation
11-14 GAP Intensive program 2020-21
14-16 Child line training at Ahmedabad
21 Meeting with Inox for CSR fund at Jasdan.
21 Training of Program implementation staff and extension volunteers involved in PMFBY Project.
25 Meeting with sr. team members

**પ્રિય વાચક મિત્રો,**

ટપક તેમજ સંસ્થાકીય પ્રવૃત્તિઓ માટે આપ સહયોગ રાશી મોકલી શકો છો. આ રકમ ચેક અથવા ડ્રાફ્ટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. આ પ્રવૃતિઓ માટે નાણાકીય સહયોગ કરી શકો છો અને નાણાકીય સહયોગ ઓનલાઈન વેબસાઈટ https://sskkamreli.org/ પર જવા વિનંતી છે.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Reg. No. Amreli/091/2018-20
Valid Upto 31/12/2020

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

**ટપક કાર્યાલય :**
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**માણસ ઉતાવળે ભૂલ કરે છે અને નિરાંતે પસ્તાય છે.**